ક્રમાંકઃ જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/પ્રિ–વિતરણ/પોલીસી/૦૨
જી.આઈ.ડી.સી., વડી કચેરી. ઉદ્યોગ ભવન, ગાંધીનગર
તારીખઃ /૧૨/૨૦૧૮
૦૧/૦૨/૨૦૧૯

## // પરિપત્ર //

**વિષયઃ– હયાત ઔદ્યોગિક એકમના વિસ્તરણ માટે લગત ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણીની નીતિ બાબત.**

**સંદર્ભઃ–** (૧) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૧, તા:૧૬/૨/૨૦૧૬.
(૨) પરિપત્ર ક્રમાંકઃ જીઆઈડીસી/ ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૯૬, તા:૧૦/૭/૨૦૧૭.

નિગમની જુદી જુદી ઔદ્યોગિક વસાહતોમાં ઉદ્યોગકારો તરફથી હયાત એકમને લગત (કોમન વોલ) આવેલ ઔદ્યોગિક પ્લોટ/શેડની માંગણી કરવામાં આવતી હોય છે જે અન્વયે છેલ્લે તા:૧૬/૨/૧૬ તથા તા.૧૦/૭/૧૭ ના પરિપત્રોથી નીતિ અમલમાં મુકવામાં આવેલ છે. હયાત એકમનો પૂર્ણ વપરાશ થયા બાદ લગત પ્લોટની માંગણી સંતોષાય તે માટે નીતિની પુનઃ સમીક્ષાની બાબત નિગમની વિચારણા હેઠળ હતી. જે અન્વયે તારીખઃ ૧૧/૧૨/૨૦૧૮ ના રોજ યોજાયેલ નિગમની ૫૦૨ મી સભા સમક્ષ કાર્યસૂચિ રજુ કરવામાં આવેલ હતી જે અન્વયે નિગમ ધ્વારા ઠરાવ ક્રમાંકઃ ૫૨/પ્રિ.વિતરણ/૫૦૨, તા.૧૧/૧૨/૨૦૧૮ થી સંદર્ભ હેઠળના પરિપત્રથી અમલમાં આવેલ નીતિ અને અન્ય તમામ નીતિ વિષયક બાબતો યથાવત રાખી નીચે જણાવેલ બાબતોનો સમાવેશ કરવા નિર્ણય કરવામાં આવ્યો.

નિગમની વસાહતમાં ઉપલબ્ધ ઔદ્યોગિક પ્લોટ/શેડની ફાળવણી લગત તરીકે નિગમની નીતિ અનુસાર ફાળવવા માટે દરખાસ્ત થાય ત્યારે,

(૧) તા.૧૦/૭/૨૦૧૭ની નીતિમાં દર્શાવ્યા મુજબ અરજી કર્યા તારીખથી ઓછામાં ઓછા ૨ વર્ષ પહેલાંથી અરજી તારીખ સુધી એકમ સતત કાર્યરત ઉત્પાદનમાં રહેલું હોવું જોઈએની જગ્યાએ હયાત ૩૦૦૦ ચો.મી. સુધીના પ્લોટ/શેડના વિસ્તાર માટે અરજી કર્યા તારીખથી ઓછામાં ઓછા ૧ વર્ષના સમય માટે અરજી કર્યા તારીખ સુધી એકમ સતત કાર્યરત ઉત્પાદનમાં રહેલું હોવું જોઈએ.

(૨) નિગમના એમએસએમઈ પાર્ક તથા મહિલા પાર્ક ખાતે ફાળવવામાં આવતા પ્લોટ સરકાર તરફથી મળેલ રાહત અનુસાર રાહત દરે ફાળવવામાં આવે છે. જેથી મુદ્દા નંબર (૧) માં દર્શાવેલ નીતિ એમએસએમઈ પાર્ક તથા મહિલા પાર્ક ખાતે ફાળવવામાં આવેલ પ્લોટ માટે લાગુ પડશે નહીં.

(૩) હયાત પ્લોટની લગત ફાળવેલ પ્લોટના તમામ કિસ્સામાં લગત તરીકે ફાળવેલ પ્લોટ હયાત પ્લોટ સાથે એકત્રિત ગણાશે તેમજ લગત પ્લોટના ફાળવણીપત્ર તારીખથી ૩ માસના સમયગાળાની અંદર હયાત પ્લોટ તેમજ લગત પ્લોટના એકત્રિકરણની કાર્યવાહી પ્રાદેશિક મેનેજરશ્રી, કાર્યપાલક ઈજનેરશ્રી તથા એટીપી શાખા ધ્વારા પૂર્ણ કરવાની રહેશે અને આ કાર્યવાહી પૂર્ણ કરવાની જવાબદારી પ્રાદેશિક મેનેજરશ્રીની રહેશે.

(૪) હયાત પ્લોટ તેમજ ફાળવેલ લગત પ્લોટ ૫(પાંચ) વર્ષના સમયગાળા માટે તબદીલ તેમજ પેટા વિભાજન કરી શકાશે નહીં.

(૫) ઉકત બાબતો સિવાય તા.૧૬/૨/૨૦૧૬ તથા તા.૧૦/૭/૨૦૧૭ના પરિપત્રની અન્ય તમામ શરતો યથાવત રાખવામાં આવે છે.

સદર નીતિ પરિપત્ર જારી કર્યા તારીખથી અમલમાં આવશે.

ઉપરોક્ત સૂચનાઓનું નિગમના તમામ અધિકારીશ્રીઓએ ચૂસ્તપણે પાલન કરવાનું રહેશે અને પરિપત્ર મળ્યા અંગેની પહોંચ જનરલ મેનેજરશ્રી (પ્રિ–વિતરણ) ને પાઠવવી.

સહી/-

**(ડી. થારા)**
ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ વિતરણ અધિકારીશ્રીઓ.

**નકલ જયભારત સહ રવાના:–**

(૧) પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશન, અમદાવાદ તરફ જાણ સારૂ.
(૨) પ્રમુખશ્રીઓ તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો તરફ જાણ સારૂ.
(૩) મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

રવાના કર્યું

**મેનેજર (મહેકમ)**
જીઆઈડીસી, ગાંધીનગર